મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૪૩ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ચૂંટણીનો માહોલ હજુ જામતો નથી

ગાંધીનગર, તા.૧૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. બે તબક્કામાં ચૂંટણી યોજાવાની છે. બંન્ને રાજકીય પક્ષ સામે અઢળક કાર્યકર્તાઓએ ચૂંટણીની ટીકીટ માંગી છે. પોતાના નામ પર મહોંર વાગે તે માટે ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. ગણતરીના કલાકોમાં રાજકીય પાર્ટીઓ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરે તેવી શકયતાઓ સેવાઈ રહી છે. દરેક વ્યકિતના મનમાં કંઈ બેઠક પર કયા ઉમેદવારો વચ્ચે જંગ જામશે તે સહિતના પ્રશ્નો ઘુમરાયા કરે છે. ભાજપ-કોંગ્રેસ દ્વારા ઘરેઘરે જઈને લોકસંપર્ક કરવામાં આવે છે. છતા પણ કોણ જાણે કેમ શહેરમાં ચૂંટણીનો માહોલ બરાબર જામતો નથી. ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ છતા ચૂંટણીનો ઉત્સાહ મતદારોમાં દેખાઈ રહ્યો નથી. રાજકીય પક્ષો એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરી રહ્યા છે. રાજકીય વાતાવરણ ડહોળાઈ ગયું છે. ગુજરાત રાજયની આ ચૂંટણી પર દેશના દરેક નાગરીકની નજર રહેલી છે. ત્યારે ભાજપ માટે પણ આ વિધાનસભાની ચૂંટણી જીતવી એ પ્રતિષ્ઠાનો જંગ બની રહી છે. તો કોંગ્રેસ પણ લડાયક મુડમાં આવી ગઈ છે. આંદોલન અને જ્ઞાતિવાદના સમીકરણો મંડરાતા ચૂંટણી લક્ષી માહોલ ગરમાયો છે. બંન્ને પક્ષના સંભવિત ઉમેદવારોએ પક્ષના મોવડીઓ સમક્ષ ટીકીટની દાવેદારી નોંધાવી છે. એકબાજુ જ્ઞાતિવાદ અને આંદોલન બંન્નેની મજબુત પકડના લીધે ટીકીટ ફાળવવાનું કામ રાજકીય પક્ષો માટે પણ વધુ મુશ્કેલ બન્યું હોવાનો પણ સૂર ઉઠવા પામ્યો છે. ત્યારે ચુંટણીના આડે હવે એક મહિનો જ રહી ગયો છે. પરંતુ રાજકીય પક્ષો, કાર્યકરો અને સ્થાનિક નેતાઓ સિવાય આમ નાગરીકોએ હજુ જાણે ચૂંટણી તરફ મીટ માંડી ન હોય તેવું સ્પષ્ટ થઈ રહ્યું છે. ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે આવા સંજોગોમાં શહેરના સેકટરોમાં કે ગામોની ગલીઓમાં ચુંટણીલક્ષી માહોલ જોવા મળતો નથી. સામાન્ય નાગરીકો હજુ જાણે આગામી ચુંટણીની લડત તેમજ પરિણામલક્ષી સમીકરણો અંગે વિશેષ રૂપે તર્ક વિતર્ક કરતા પણ નજરે પડતા નથી. દિનભર સોશ્યલ મિડીયામાં આવતા મેસેજીસ અને વિડીયો ચર્ચામાં છવાયેલા રહે છે. પરંતુ ચૂંટણી પૂર્વેની રાજકીય ગતિવિધીઓ ને આમ નાગરીકો હજુ કોરાણે મુકીને બેઠા હોય તેવું સ્પષ્ટ થઈ રહ્યું છે. ચૂંટણી જંગને અનુલક્ષી મતદારોનું મન કળવુ તો સ્વભાવિક રીતે જ મુશ્કેલ બન્યું છે પરંતુ રોજ બરોજની રાજકીય ગતિવિધીઓ વચ્ચે આમ નાગરીકોમાં ચૂંટણી લક્ષી ઉતેજનાનો માહોલ જોવા મળતો નથી.

વાતવાતમાં

● ગાંધીનગરના સે-૩૦ પાસેના સાબરમતીના પુલ પરથી સવારે એક માનસિક અસ્થિરતા ધરાવતો યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. મૃતક યુવાનની લાશના પગલે પુલ ઉપર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાવા પામી હતી.

● ગુરુવારથી ગાંધીનગરના સેકટર-૧૭માં એક્ઝીબીશન સેન્ટર ખાતે સિરામિક એક્સપો પ્રારંભ થઈ રહ્યો છે. આ એક્સપોની તૈયારીઓ માટે આવેલા સ્ટોલ ધારકો તથા તેમના સ્ટાફ સહિત શ્રમિકોનો એટલો બધો ધસારો છે કે તેના કારણે સે-૧૭માં હનુમાનજી મંદિરવાળા રોડ પર હંગામી ખાણી પીણીનું આખું બજાર ઉભું થઈ જવા પામ્યું છે.

સે-૮ પ્રા. શાળા ખાતે ગૂંજ ફાઉન્ડેશન તથા ગોએન્કા ડેન્ટલ કોલેજના સંયુકત ઉપકમે ચિત્ર સ્પર્ધા તથા ડેન્ટલ કેરનો કાર્યકમ યોજાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા ગૂંજ ફાઉન્ડેશન તથા પીંપળજ ખાતેની ગોએન્કા ડેન્ટલ કોલેજના સંયુકત ઉપકમે સેકટર-૮ની સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે 'બાળ દિન' નિમિત્તે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યકમના અંતમાં ગોએન્કા ડેન્ટલ કોલેજના સિનિયર સ્ટુડન્ટસ તથા અધ્યાપકો દ્વારા બાળકોને દાંત સાફ કરવાની સાચી પધ્ધતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા તમામ બાળકોને ટુથ બ્રશ, ટુથ પેસ્ટ સહિતની ડેન્ટલ કીટ ભેટ આપવામાં આવી હતી. સ્પર્ધાના અંતે પ્રથમ ત્રણ વિજેતા બાળકોને ઈનામોથી સન્માનિત કરાયા હતા. ચિત્ર સ્પર્ધાના અંતે કોલેજની ટીમે બાળકોના હાથની છાપ યાદગીરી તરીકે લીધી હતી. ગૂંજ ફાઉન્ડેશન દ્વારા શાળાના તમામ ૧૧૦ બાળકોને ચોપડાની ભેટ આપવામાં આવી હતી. શાળાના ઈન્ચાર્જ આચાર્ય તથા સ્ટાફે ગૂંજ ફાઉન્ડેશન તથા કોલેજની ટીમની પ્રવૃત્તિને બિરદાવી આભાર વ્યકત કર્યો હતો.

લાયોનેસ કલબ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

લાયોનેસ કલબ દ્વારા સમૌ ગામમાં કર્ણાવટી આંખની હોસ્પિટલ આંગણજના સહયોગથી વિના મૂલ્યે મેગા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં મોતિયાનું નિદાન, રાહત દરે નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં સમૌ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને અગ્રણી નેતા શંકરભાઈ એમ. ચૌધરીએ સહકાર આપ્યો હતો. લાયોનેસ પ્રમુખ અને સૌ હોદ્દેદારોએ આ માનવીય સેવાકીય કાર્યને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

સે-૭ ખાતે લઘુરૂદ્રાભિષેક યોજાશે

ગાંધીનગર, તા.૧૪

રૂદ્રાભિષેક મંડળના ઉપકમે તા. ૧૬-૧૧-૨૦૧૭ ગુરુવારે સવારે ૮.૩૦ કલાકે યતિન્દ્રભાઈ કે. ભટ્ટ પ્લોટ નં. ૫૯૯/૧ સે-૭-બી ગાંધીનગર ખાતે લઘુરૂદ્રાભિષેક મહાપ્રસાદ સાથે યોજવામાં આવશે. સર્વે મંડળના સભ્યોને ભગવાન આશુતોષની આરાધનામાં જોડાવા અનુરોધ કરવામાં આવે છે.

ગાંધીનગર જિલ્લામાં મતદાન જાગૃતિના વિવિધ કાર્યકમો

દિવ્યાંગ, વયોવૃધ્ધ અને યુવા મતદારોનું સન્માન તથા કવીઝ સ્પર્ધાઓ

ગાંધીનગર જિલ્લાની શાળાઓના બાળકો દ્વારા વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વયે અનેક કાર્યકમોના આયોજન દ્વારા અનેરા ઉત્સાહ સાથે ભાગ લઈ મતદાન જાગૃતિ કાર્યકમો યોજવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાની આલમપુર શાળા ખાતે દિવ્યાંગ, વયોવૃધ્ધ અને યુવા મતદારોના અનોખા સન્માન કાર્યકમના આયોજન દ્વારા મતદાન જાગૃતિનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. ધણપ ગામે શાળાના બાળકોએ વિશાળ સંખ્યામાં મતદાન કવીઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જયારે પેથાપુર અને ગાંધીનગરની સેકટર-૨૪માં આવેલી પ્રાથમિક શાળાના બાળકોએ મતદાન જાગૃતિના વિવિધ કાર્યકમમાં ભાગ લીધો હતો.

બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતો શખ્સ પકડાયો : ૨૮ બોટલ જપ્ત

ગાંધીનગર, તા.૧૪

ચિલોડા પીઆઈ નિરજ પટેલની ટીમ આજે સવારે હિંમતનગર-ચિલોડા હાઈવે પર ચંદ્રાલા પાસે વાહનચેકિંગ કરી રહી હતી ત્યારે નાકાબંધી દરમિયાન બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતા શખ્સને ટીમે દબોચી લીધો હતો. આણંદના શખ્સની ૨૮ બોટલ સાથે ધરપકડ કરી ચિલોડા પોલિસે સઘન પુછપરછ શરુ કરી છે.

ચિલોડા પોલિસ ચંદ્રાલા પાસે નાકાબંધી કરીને સવારે વાહનચેકીંગ કરી રહી હતી ત્યારે જીજે ૧ એન.જી. ૬૩૪૩ નંબરના બાઈક પર નિકળેલા શખ્સને ઉભો રખાવી ચેકીંગ કરતા તેની પાસેથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આણંદના રમણ બોધા વણકર નામના શખ્સની ૨૮ નંગ વિદેશી દારૂની બોટલ તથા બાઈક જપ્ત કરીને ધરપકડ કરી લઈ દારૂ કયાંથી લાવ્યો હતો અને કયાં લઈ જઈ રહ્યો હતો તેની ચિલોડા પોલિસે સઘન પુછપરછ શરુ કરી છે.

વેટ ચોરીના ગુનામાં વોન્ટેડ વેપારીને એસઓજીએ પકડી પાડયો

ગાંધીનગર, તા.૧૪

કલોલની સાંતેજ પોલિસે ચાલુ વર્ષે વેટ ચોરી કરતા એક વેપારી સામે ગુનો દાખલ કર્યો હતો. આ વેપારી ત્યારથી નાસતો ફરતો હતો. ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમને બાતમી મળી હતી કે આ વોન્ટેડ આરોપી મેહુલ મુકુંદભાઈ મોદી તેના અમદાવાદ અલકાપુરી ભાગ્યલક્ષ્મી રો હાઉસ ખાતે આવેલા તેના મકાનમાં આવ્યો છે. આ બાતમી આધારે એસઓજીએ તેના ઘરે ચેક કરતા ત્યાંથી તે મળી આવતા તેની ધરપકડ કરી લઈ સાંતેજ પોલિસને સોંપવા તજવીજ શરુ કરી છે.

શ્રી જલારામ મંદિરનો ૨૨મો પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૪

શ્રી જલારામ સેવા સમાજ દ્વારા કારતક વદ ૧૩ તા. ૧૬-૧૧-૨૦૧૭ને ગુરુવારના રોજ ૨૨મા પાટોત્સવ નિમિત્તે નીચે મુજબના કાર્યકમનું આયોજન જલારામ મંદિર, સે-૨૯ ખાતે કરવામાં આવ્યું છે તો સમાજના સભ્યોએ હાજર રેહવા વિનંતી છે. જેમાં મૂર્તિપૂજા સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ કલાક, ધ્વજારોહણ બપોરના ૧૨ કલાકે કરવામાં આવશે. તો સર્વે ભકતોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ અનુરોધ કર્યો છે.

બૃહદ ગુજરાત સંગીત સમિતિ દ્વારા તારીખ ૧૨ રવિવારે કલાવિષયક જેમ કે ભરતનાટયમ, કથ્થક, ગાયન, તબલાં, હાર્મોનિયમની મધ્યમા પ્રથમથી ઉપાંત્ય વિશારદની લેખિત પરીક્ષા, સે-૨૩, પ્રાથમિક શાળા ખાતે લેવામાં આવી હતી. જેમાં કુલ ૭૧ જેટલા વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર જિલ્લાના અલગ અલગ જગ્યાએથી વિદ્યાર્થીઓ કલાવિષયક તાલીમાર્થીઓ પરીક્ષા આપવા હાજર રહ્યા હતા.

આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે બાળ દિનની ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલ ખાતે તા. ૧૪-૧૧-૨૦૧૭ના રોજ પંડિત જવાહરલાલ નહેરુના જન્મદિને ધોરણ-૧થી ૫ના બાળકો દ્વારા બાલ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વેશભૂષા તથા એકપાત્રીય અભિનય જેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, ભગતસિંહ, નરેન્દ્ર મોદી, મીરાંબાઈ, રાધાકૃષ્ણ, રામ-સીતા, વૃક્ષ લીમડો, કેરી, રાજા, પરી, મોબાઈલ, શાકવાળા, ફળવાળો, એમ્પાયર, પોલિસ, સૈનિક, ભિખારી, ડૉકટર જેવા પાત્રો દ્વારા પોતાની પ્રતિભાના દર્શન કરાવ્યા હતા. તથા જવાહરલાલ નહેરુ વિશે અને તેમણે લખેલ પુસ્તક 'મારું હિંદ દર્શન' વિશેતથા જેલમાં રહીને 'ઈન્દુને લખેલા પત્રો' વિશે માહિતી આપવામાં આવી હતી. બાળગીતોમાં ઉપ વિદ્યાર્થીઓએ અભિનય, ગીતો, બાળનૃત્યો વગેરેમાં આનંદપૂર્વક ભાગ લીધો હતો. આ તમામ બાળકોને તેમના વર્ગશિક્ષકો તથા દવે મેઘાબેન પી. દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. શાળા તરફથી તમામ બાળકોને ચોકલેટ આપી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

બોરીજ સરકારી શાળામાં બાળદિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

બોરીજ પ્રાથમિક શાળામાં અલ્હાબાદ બેંક સે-૨૧, ગાંધીનગરના સહયોગથી ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. બાળદિન નિમિત્તે ચિત્ર સ્પર્ધામાં ધો-૬ થી ૮ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જે સ્પર્ધા અંતર્ગત એકથી ત્રણ નંબર આપવામાં આવ્યો હતો અને ત્રણેય વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોસાહિત કર્યા હતા. તેમજ ભાગ લેનાર દરેક સ્પર્ધકોને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યા હતા. સરકારી પ્રાથમિક શાળા, બોરીજ શાળા પરિવાર તેમજ એસ.એમ.સી. અલ્હાબાદ બેંક સે-૨૧, ગાંધીનગરનો આભાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે શાળાના બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શનિવારે મુકિતધામ ખાતે રાતભર પારેખદાદાનું વાંસળી વાદન યોજાશે

શહેરના નામી-અનામી મૃતાત્માઓની શાંતિ માટે સતત ૨૬મા વર્ષે કાર્તિકી અમાવસ્યાએ ભજન સંધ્યાનું આયોજન

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં સતત ૨૬મા વર્ષે ૭૩ વર્ષીય પ્રવિણચંદ્ર ગોવિંદલાલ પારેખ ઉર્ફે 'પારેખદાદા'ના હુલામણા નામથી ઓળખાતા વાંસળી વાદક શહેરના નામી અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ અર્થે કારતક માસની અમાસ એટલે કે તા. ૧૮મી નવેમ્બર શનિવારે રાત્રે રાતભર ભજન સંધ્યાનો કાર્યકમ સે-૩૦ના સ્મશાન ખાતેયોજાશે.

ગાંધીનગર શહેરમાં સમગ્ર વર્ષ દરમિયાન અવસાન પામેલ નામી અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ માટે દર વર્ષે કારતક માસની અમાસે મુકિતધામ સ્મશાન ખાતે વાંસળીવાદન સાથેની રાતભર ભજન સંધ્યાનો કાર્યકમ 'પારેખદાદા' દ્વારા કરવામાં આવે છે.

આ વખતે સતત ૨૬મા વર્ષે આ કાર્યકમ યોજાશે. આ ઉપરાંત પારેખદાદાના પુત્ર રાજેશ પારેખ સહિત ઋષિ શ્રીમાળી અને ચંદ્રકાન્ત પંડયા વગેરે તબલાની સંગત પુરી પાડશે. આ સમગ્ર કાર્યકમ દાતાઓના સહકારથી યોજાય છે. જેમાં રોહિતભાઈ દરજી, અશોકભાઈ શર્મા, હરેશભાઈ રાવત, પેથાપુરના જનક ચા વાળા મહેશભાઈ વગેરે સહિત અન્ય દાતાઓનો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યકમના આયોજન માટે જુનિયર સિટીઝન કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના અગ્રણી જીલુભા ધાંધલ દ્વારા જરૂરી મદદ સેવા પુરી પાડવામાં આવી રહી છે.



ચૂંટણી ખર્ચ નિયંત્રણ અંગે વિવિધ ટીમોના અધિકારીઓની યોજાયેલ બેઠક

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ માટે ચૂંટણી ખર્ચ પર દેખરેખ નિયંત્રણ માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી સતીષ પટેલના અધ્યક્ષસ્થાને તથા એકાઉન્ટીંગ મોનીટરીંગ સેલના વડા શ્રી દેવાંગ દેસાઈની ઉપસ્થિતીમાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા બેઠકો માટે કાર્યરત એકાઉન્ટીંગ ટીમ, વિડીયો સર્વેલન્સ ટીમ અને વિડીયો વ્યુઈંગ ટીમના લીડરો અને નોડલ ઓફિસરોને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. વિધાનસભાની પાંચ બેઠકો માટે કાર્ય કરતી ટીમોની વ્યવસ્થા, માળખાકીય સુવિધાઓ તેમજ પોતાના કાર્યક્ષેત્રમાં કરવાની કામગીરી અંગે કોઈ મુશ્કેલી હોય તો તે અંગેના પ્રશ્નોનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં એકાઉન્ટીંગ ટીમના સભ્યો અને એકાઉન્ટ ઓફિસરો સહિત સબંધીત નોડલ ઓફિસરો ઉપસ્થિત રહ્યાં હતા.

ચિરવિદાય

- સ્વ. કમળાબેન અંબાલાલ વ્યાસ, ઉ.વ. ૮૫
- સ્વ. રંજનબાળા નરસિંહભાઈ પરમાર, ઉ.વ. ૭૦
- સ્વ. પથરા બુટ્ટુ કોરી, ઉ.વ. ૮૭
- સ્વ. છગનજી ધનજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. પ્રતાપભાઈ ત્રિકમભાઈ રાણા, ઉ.વ. ૬૫
- સ્વ. શિવકુમાર નાયર, ઉ.વ. ૫૭
- સ્વ. મિતાબેન લક્ષ્મણસિંહ જેતાવત, ઉ.વ. ૭૦